ક્રમાંક:–પી.એસ./૨૦૧૩–૧૪/૪૨૨-૧૨૯

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં.૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા. ૨/૭/૨૦૧૩.

વંચાણે લીધા:–

(૧) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:–જીસીઓ/૧૫૦૩/૨૨૨૯/ખ તા.૧૭/૬/૨૦૦૯
(૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:–જીસીઓ/૧૫૦૯/૩૫૯૯/ખ તા.૨૫/૬/૨૦૧૩
(૩) આ કચેરીના આદેશ ક્રમાંક:–પી.એસ./૨૦૧૩–૧૪/ તા.૨/૭/૨૦૧૩

કચેરી આદેશ:–

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) થી આ કચેરીના નિયંત્રણ હેઠળની રાજ્યની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને બી.એડ. કોલેજોમાંની વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત "વ્યાખ્યાતા સહાયક" થી શૈક્ષણિક વર્ષ:–૨૦૧૩–૧૪ માં ભરવા મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવના ફકરા (૨) ના ક્રમ–૨ મુજબ મળેલ સત્તાની રૂએ શૈક્ષણિક વર્ષ:–૨૦૧૩–૧૪ ના વર્ષની સમગ્ર ભરતી પ્રક્રિયાના ભાગરૂપે નીચે મુજબ આઈ.ટી. કમિટીની રચના તેમજ નિયુક્તિ કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | કોલેજ / કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧. | પ્રો.એચ.જે.પટેલ | ખાસ ફરજ પરના અધિકારીશ્રી, આઈ.ટી. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર. |
| ૨. | શ્રી મંથન આનંદપરા | આઈ.ટી.મેનેજર | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર. |

આ સમિતિએ ભરતી પ્રક્રિયા માટે જે સ્થળ નક્કી કરવામાં આવે તે સ્થળે જરૂરિયાત મુજબ સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન કોમ્પ્યુટર, ડોન્ગલ્સ અને ઈન્ટરનેટ કનેક્શનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. તેમજ સોફ્ટવેરમાં આવતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે સતત અદિત માઈક્રોસીસ સાથે રહી તેનું નિરાકરણ લાવવાનું રહેશે. તદ્ઉપરાંત ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ અને તેમના નિમણૂંક આદેશો ઉપલબ્ધ કરી આપવાના રહેશે. આઈ.ટી.કમિટીએ ઉક્ત કામગીરી કોર કમિટી સાથે સંકલનમાં રહીને કરવાની રહેશે.

આ ઉપરાંત, જ્યારે ખરેખર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે સોફ્ટવેરને લગતી તમામ પ્રક્રિયામાં ઉપસ્થિત થતી તમામ મુશ્કેલીઓનું તેમજ ભરતી પ્રક્રિયા માટે ઉપસ્થિત રહેલ ઉમેદવારોની ફરિયાદોનું નિવારણ કરવાની જવાબદારી સમિતિની રહેશે.

ઉકત ફકરા–૨ મુજબના સભ્યશ્રીઓએ તા.૫/૭/૨૦૧૩ થી તા.૧૦/૭/૨૦૧૩ તેમજ તા.૧૮/૭/૨૦૧૩ થી સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિર્દેશ કરવામાં આવે તે સ્થળે ઉપસ્થિત રહેવાનું રહેશે.

ઉકત સમગ્ર કાર્યવાહી વંચાણે લીધેલ ક્રમ (૩) મુજબ ઈન્ચાર્જ નિયામકશ્રીના સતત માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર
ઉચ્ચ શિક્ષણકમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
પ્રો.એચ.જે.પટેલ – ખાસ ફરજ પરના અધિકારીશ્રી,આઈ.ટી.,સદર કચેરી.
શ્રી મંથન આનંદપરા – આઈ.ટી.મેનેજર,સદર કચેરી.

<u>નકલ રવાના જાણ તેમજ અમલાર્થે:–</u>
સંયુકત શિક્ષણ નિયામકશ્રી, મહેકમ સદર કચેરી.
શ્રેયાન અધિક્ષકશ્રી, મહેકમ શાખા
શ્રેયાન અધિક્ષકશ્રી, પી.આર.ઓ.શાખા.
હુકમ ફાઈલે.